સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

વિદેશેથી, 'કમાણી શિક્ષણ'નો ભંડાર લૂંટી આવો!
અંગૂઠા પકડીને પણ ત્યાંનો એકડો ઘૂંટી આવો!
લૂંટાવી આવો નાલંદા-તક્ષશિલા-આશ્રમોની લાજ-
- ને વિવિધ પ્રકારના વાઈરસી રોગ ચૂંટી આવો!
(ભારતીય વિદ્યાર્થીઓ 'કોરોના કેદ'માં)

થાવ નિષ્ણાત -
વિદેશી શિક્ષણમાં -
દેખાદેખી - પી...

મારે ગૂલાંટ -
સરકસી જોકરો -
હસાવે પ્રજા!
(નિવેદનીયા નેતા)

હાઈકુ

ચિંતન

શ્રોત્રં શ્રુતેનૈવ ન કુંણ્ડલેન દાનેન પાણિર્ન તું કંકર્ણન ।
વિભાતિ કાયઃ કરુણાપરાણાં પરોપકારૈર્ન તુ ચન્દનેન ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.
શોભે કાન શાસ્ત્ર શ્રવણથી, ને નહિ એ કુંડળથી
શોભે હાથ દાન આપતા કે નહીં કે કંકણથી
દયા ભર્યા લોકોની વિભા છે માત્ર પર ઉપકારથી
જરૂર નથી શોભાવતા તન ને ચંદન લેપ પ્રકારની

શ્રવણ ઈંદ્રીથી સત્સંગ-સ્વાધ્યાય કથા સાંભળવી જેથી માનસિક શાંતિ મળે. એમાં સોનાના કુંડળ પહેરવાથી કંઈ જ લાભ થતો નથી.

હાથનો ઉપયોગ દાન આપવા માટે જ કરવો જોઈએ. દુષ્કૃત્યો કરવા માટે નહીં. શરીરથી સેવા અને પરોપકારના કાર્યો કરવાં જોઈએ. શારીરિક ભોગવિલાસ અને આહાર-વિહાર કે શારીરિક શોભા લેપ-ચંદન માટે જ નથી.

સુવિચાર

- નહા કર ગંગા મેં સબ પાપ ધો આયા, વહીં સે ધોયે પાપોં કા પાની ભર લાયા,
  વાહ રે ઈન્સાસ તરીકે તેરા સમજ નહીં આયા - **તપન સિંહા**
- તમે જો શ્રેષ્ઠથી ઓછાથી સંતોષ નહીં માનો,
  તો તમે જીવનમાં કેટલું સિદ્ધ કરી શકો છો તે જોઈ ખુદ નવાઈ પામશો - **પોલો કોએલો**
- પૂર્ણતા કદી એમને એમ ન મેળવી શકાય, પણ જો આપણે તેની પાછળ પડીએ,
  તો શ્રેષ્ઠત્વને તો પકડી જ શકીએ - **વિન્સ લોમ્બાક્ષ**
- ધ્યાન તો કેવળ પોતાને હોવાનો અને પોતે કોણ છે
  તે જાણવાનો માર્ગ છે તે જીવન પર ચાલવાનો પણ માર્ગ છે - **ધ્યાનસૂત્ર**
- અંધત્વ કરતાં પણ એક સ્થિતિ વધારે ભયજનક છે, તે છે -
  હોય જે નહીં તેને જોવું અને તેનો વિચાર કરવો - **જસ્ટીસ આયંગર**
- નિષ્ણાત એટલે સફળ રીતે સરળ નિર્ણય લઈ શકે તે,
  તે જામે છે કે કોના તરફ ધ્યાન આપવું અને કોનું અવગણવું - **જહોન બ્રેડશો**
- આજનું ઔષધ : કોકમની ચટણી દહીંની જાડી મલાઈ સાથે સવાર-સાંજ ખાવાથી દૂઝતા હરસમાં તરત ફાયદો થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સાચા સંત યોગાનંદ સ્વામી પરમાત્માના ઉપાસક હતા. તેઓ શિષ્યોને વારંવાર મંગલ દૃષ્ટિ અને ઈશ્વર કૃપા પર ખૂબ ભાર મૂકતા અને કાયમ પ્રભુનામ માટે આગ્રહ કરતા. એકવાર શિષ્યે આવીને અમંગળના ઓળાઓ વિશે ખૂબ ફરિયાદ કરી. જીવનમાં અમંગળ પ્રસંગ ક્યારે અને કેવી રીતે આવે અને માનવી કેવી રીતે પરેશાન થાય છે. તે વિશે એણે ઘણી બધી વાતો સંતને કરી. સ્વામી યોગાનંદે કહ્યું, 'ભાઈ શું માંગલ્યનો અંત પરમ વિજય નથી?' શિષ્ય 'જરા પણ નહિં' સ્વામી 'મને તો તેમાં તારી ધીરજનો અંત દેખાય છે.' શિષ્ય 'ધીરજનો અંત ન આવે તો પછી શું થાય ? અંતે સર્વ મંગલ થશે એ આશામાં ને આશામાં માનવી ક્યાં સુધી સહન કર્યા કરે?' સ્વામીએ કહ્યું, 'તમને ખબર છે, પરમાત્માનું પણ એક સમયપત્રક છે અને એ સમયપત્રક પ્રમાણે જ તે ચાલે છે.' શિષ્ય 'પણ એ પત્રકમાં મારું કંઈ મૂલ્ય જ નહીં?' સ્વામી, 'એ તો તેં તારી જાતને વધારે પડતું મહત્ત્વ આપ્યું હોય એમ નથી લાગતું. આપણે સૌ આપણી જાતને કંઈક જુદુ જ સમજી બેસીએ છીએ. અને ખુદ પ્રભુની સામે પ્રશ્નો કરવા માંડીએ છીએ તથા પ્રભુને સલાહ પણ આપવા લાગીએ છીએ. પણ જે બનવાનું છે તે બનીને જ રહેવાનું છે. પણ આપણને એની જાણકારી નથી એટલે આપણને ઉચાટ થાય છે. આજે નહીં તો કાલે આપણે પરમાત્માની સર્વવ્યાપકતા, સર્વજ્ઞતા અને સર્વશક્તિને સ્વીકારવા જ પડશે, અણુમાંથી જેને શક્તિ શોધી કાઢી તેના માટે આપણને અહોભાવ થાય છે પણ અણુમાં શક્તિ મૂકનારનો આપણે વિચાર જ નથી કર્યો કે ત્યાં શક્તિ કોણે મૂકી?' શિષ્યને સ્વામી યોગાનંદની વાત શીરાની જેમ ગળે ઉતરી અને બોલ્યો 'સર્વ માંગલ્યે માંગલ્યમ્.'

કોરોના હવે, વૈશ્વિક ચિંતા બન્યો છે

તંત્રીસ્થાનેથી...

કોરોનાનો કેર ચારેકોર છે. ભલે ચીનમાં આ બિમારી ફેલાઈ હોય પરંતુ એશિયાના તમામ દેશો ઉપરાંત છેક યુરોપ અને અમેરિકા આ બિમારીના નામ માત્રથી થરથરી રહી છે. એરપોર્ટ પર ચીનથી આવતા મુસાફરોનું કડક ચેકીંગ કરી તેમને ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવી રહ્યાં છે. એવું કહેવાઈ રહ્યું છે કે ચીનના વુહાન પ્રાંતમાં છેક નવેમ્બર માસમાં આ વાઈરસે દેખા દીધી હતી. પરંતુ ચીન પોતાને ત્યાં થતી ગતિવિધિ છુપાવવામાં માહેર હોઈ તેણે ઘણાં દિવસો સુધી દુનિયાથીઆ વાતને છુપાવી હતી. આખરે આ બિમારીએ ઘણાં બધાં લોકોને પોતાની ચપેટમાં લેતાં સ્થિતિ ગંભીર બની છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને ચીનમાં સ્વાસ્થ્ય અંગેની કટોકટી જાહેર કરી છે.

છેલ્લા દાયકા - બે દાયકામાં નવા નવા પ્રકારના વાઈરસ દુનિયાને હચમચાવી રહ્યાં છે. અત્યંત ચેપી હોય તેવા આ વાઈરસનું મૂળ શોધતા વૈજ્ઞાનિકો એ તારણ પર આવ્યા છે કે મોટાભાગના વાયરસનું ઉદ્‌ભવ સ્થાન ચીન રહ્યું છે. સાર્સ નામનો રોગ ૨૦૦૨માં ચીનના ગુઆંગડોંગ વિસ્તારમાંથી ફેલાયો હતો. ત્યારબાદ બર્ડ ફલુએ સૌને થથરાવી મૂક્યા હતા. ૨૦૧૮માં ચીનના જિઆંગશુ પ્રાંતમંથી H_7N_4 ના વાઈરસ મળી આવ્યા હતા. ૨૦૧૯માં ફરી એકવાર બર્ડ ફલુના એક અલગ પ્રકારના વાઈરસ ચીનમાંથી જ પેદા થયા હતા. ડબલ્યુ.એચ.ઓ.ના રિપોર્ટ મુજબ પ્રાણીઓનાં માંસમાંથી ફેલાયેલા વાયરસના કારણે દુનિયામાં કરોડો લોકો બિમાર પડે છે.

આ રિપોર્ટમાં એવું પણ કહેવાયું છે કે ચેપ લાગવાને કારણે ફેલાતી બિમારીઓમાંથી ૬૦ ટકા બિમારીઓ પ્રાણીઓ દ્વારા ફેલાય છે. ચીનમાંથી નવા પ્રકારના ચેપી રોગ ફેલાય તેનું કારણ એ છે કે ચીનના લોકોની ખાન-પાનની આદતો વિચિત્ર છે. તેઓ દરેક પ્રકારના પ્રાણીઓનું માંસ આરોગે છે. જેના કારણે ચીનના લોકોમાં પ્રાણીઓથી ફેલાતા વાયરસ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

ભારતમાં પણ કોરોના વાયરસના કારણે ડરનો માહોલ છે. તેનું કારણ એ છે કે ભારત અને ચીનના સંબંધો દરેક ક્ષેત્રે ખૂબ સારા છે. શૈક્ષણિક, સાંસ્કૃતિક અને વ્યાપારીક આદાન-પ્રદાનનું પ્રમાણ છેલ્લા કેટલાક સમયથી વધી રહ્યું છે. અહીંના ઘણા વિદ્યાર્થીઓ ચીનની શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણ મેળવી રહ્યા છે. આ ઉપરાંત ચીન અને ભારતની ઘણી કંપનીઓના કર્મચારીઓ - એક્ઝિક્યુટીવ્સની અવરજવર બંને દેશોમાં સતત રહે છે. વળી પ્રવાસીઓની આવન-જાવન પણ ખુબ વધુ રહે છે. કોરોના વાયરસ ખુપ ચેપી હોય છે. રોગગ્રસ્ત વ્યક્તિના સંસર્ગમાં જો ભૂલથી પણ આવી જવાય તો તેનો ચેપ ખૂબ ઝડપથી લાગી શકે છે. ભારતમાં જેવા વિશાળ દેશમાં જો આ વાયરસ ફેલાય તો ખરેખર કટોકટી જેવી સ્થિતિ ઊભી થાય. ચીનમાં ફેલાયેલા આ વાયરસના કારણે ત્યાં અભ્યાસ અર્થે ગયેલા ઘણા વિદ્યાર્થીઓ પરત ફરી રહ્યાં છે. અન્ય રહેવાસીઓએ પણ વતનની વાટ પકડી છે ત્યારે ચીન અથવા આસપાસના અન્ય દેશોમાંથી આવતા પ્રવાસીઓ પર ચાંપતી નજર રાખવી અનિવાર્ય બની છે. જયાં સુધી આ રોગ પર કાબુ ન આવે કે તેની રસી ન શોધાય ત્યાં સુધી 'સાવચેતી એ જ સમજદારી...'

જ્યાદા ભલા ન બોલના, જ્યાદા ભલી ન ચૂપ, જ્યાદા ભલા ન બરસના, જ્યાદા ભલી ન ધૂપ.



ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

જ્યાદા ભલા ન બોલના, જ્યાદા ભલી ન ચૂપ, જ્યાદા ભલા ન બરસના, જ્યાદા ભલી ન ધૂપ.
- લાલ કમાન

ગત વર્ષે આવેલી આ ''હટકે'' ફિલ્મમાં સૈફ અલી ખાને અઘોરી સાધુનું પાત્ર ભજવ્યું હતુ, અને ફિલ્મનું દિગ્દર્શન નવદીપ સિંઘએ કર્યું હતું. ખૂબ જ જાનદાર અને જોરદાર અભિનય આપવા છતાં આ ફિલ્મ દર્શકોને રીઝવવામાં સફળ થઈ નહતી. દીપક ડોબરીયાલનું ગૌણ પાત્ર પણ વિશિષ્ટ છાપ ઉપસાવી ગયું હતુ.

બદલાની ભાવનાને મનમાં સંગૃહિત કરીને અજંપામાં જીવતો 'ગોસાઈ' એટલે કે સૈફ પોતાના પાત્રમાં ડૂબી ગયો હતો. રેહમત ખાનના પાત્રમાં માનવ વિજ પણ દમદાર હતો. ફિલ્મના સંવાદો પદ્યાત્મક અને ગૂઢ છે. જેનો સંબંધ ભૂતકાળમાં ઘટી ગયેલી ઘટના અને ભવિષ્યમાં થનારી ઘટનાનાં સંદર્ભમાં સતત અંગૂલિનિર્દેશ કરતા રહે છે. જેની ગૂંચ ઉકેલવામાં દર્શક ઊણા ઉતરે તો કથાનો તંતુ છટકી જાય.

ફિલ્મનાં સંવાદ સુદીપ શર્માએ લખ્યા છે. અને ફિલ્મમાં આ સંવાદ સૈફ અલી ખાન દ્વારા બોલાવાયો છે. અતિની ગતિ નથી, તે વાતનો આપણાં વિવિધ સાહિત્યોમાં ઘણીવાર ઉલ્લેખ થયો છે. ઉપરોક્ત સંવાદ પણ એ જ વર્ષો પુરાણી પરંતુ અકાટ્ય અને કાલજયી વાતની સાખ પૂરે છે.

અતિરુપેણ વૈ સીતા અતિગર્વેણ રાવણઃ ।
અતિદાનાત બલિર્બદ્ધો હિ અતિ સર્વત્ર વર્જયેત ॥

અતિસ્વરુપના કારણે સીતા અતિગર્વને લીધે રાવણ અને અતિદાનનાં કારણે બલિએ મુશ્કેલીઓ સહન કરવી પડી, માટે જ અતિનો(અતિશયતાનો) સદા બધે જ ત્યાગ કરવો જોઈએ.

ચાણક્ય અથવા કૌટિલ્ય (ઇ.સ.પૂર્વે ૩૭૧-૨૮૩) મૌર્ય વંશના પ્રથમ સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના ગુરુ અને મુખ્યપ્રધાન હતા. ચાણક્ય ચંદ્રગુપ્તને રાજા બનવામા મદદરૂપ બન્યો હતો. તેમનું સાચુ નામ વિષ્ણુગુપ્ત હતું. તેઓ ચણકના પુત્ર હોવાથી તેમને ચાણક્ય કહેવામાં આવે છે; તથા કુટિલ નીતિના ઉપદેશક હોવાથી તેમને કૌટિલ્ય પણ કહે છે. તેમણે રાજકીય ગ્રંથ અર્થશાસ્ત્રની રચના કરી છે જે રાજ્ય કેમ ચલાવવું તેની વિગતો આપે છે અને આજે પણ સંદર્ભ ગ્રંથ તરીકે ઉપયોગમાં લેવાય છે.

ચાણક્યનીતિનું આચાર્ય ચાણક્ય દ્વારા રચાયેલુ આ સુભાષિત આજથી લગભગ ૨૪૦૦ વર્ષ પૂર્વે લખાયું છે. છતા તેનો મર્મ આજે પણ આપણે ટાંકવો પડે છે,સંસ્કૃત સાહિત્યનો આ અમર વારસો ચિરંતન છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

વડોદરા ખાતે બે દિવસ પરિસંવાદનું આયોજન



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

ડૉ. બાબાસાહેબ આંબેડકર રિસર્ચ ઈન્સ્ટિટયુટ ઓફ સોશિયલ સાયન્સસીસ (બારીશ) અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'વંચિતોના સાહિત્યમાં સામાજિક સમસ્યાઓનું નિરુપણ' વિષયે તા. ૧૫ અને ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ, એમ.એસ. યુનિ. વડોદરાના સહયોગથી બે દિવસના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પરિસંવાદનું ઉદ્‌ઘાટન પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યા (અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી) દ્વારા કરવામાં આવશે. સમારંભના અધ્યસ્થાનેથી ડૉ. મોહન પરમાર, વરિષ્ઠ સાહિત્યકાર અધ્યક્ષીય પ્રવચન આપશે. પરિસંવાદને ઉદ્‌ઘાટક પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા ખુલ્લો મુકશે અને અતિથિ વિશેષ તરીકે એડ્. કે.બી. રાઠોડ (નિવૃત્ત ન્યાયાધીશ) અને ગોપાલ ધાનકા (શિક્ષણવિદ) બિરાજશે. જયારે (બારીશ)ના ચેરમેન બાલકૃષ્ણ આનંદ ખાસ ઉપસ્થિત રહેશે.

પ્રથમ બેઠકમાં વંચિતોના સાહિત્યમાં 'દલિત સમસ્યાઓનો આક્રોશ'ના અધ્યક્ષ ડૉ. કે.કે. વૈષ્ણવ રહેશે. બીજી બેઠકમાં 'દલિત વાર્તા અને દલિત સમસ્યાઓ'ના અધ્યક્ષ ડૉ. રમણ માધવ રહેશે. બીજા દિવસે ત્રીજી બેઠકમાં 'દલિત નવલકથાઓમાં નિરુપાયેલી સામાજિક સમસ્યાઓ' ના અધ્યક્ષ દલપત ચૌહાણ રહેશે, જયારે ચોથી બેઠકમાં 'સંશોધનાત્મક સાહિત્યમાં સમસ્યાઓની હકિકત'ના અધ્યક્ષ ડૉ. અર્જુન પટેલ અને પાંચમી બેઠકમાં દલિત કાવ્ય 'સમસ્યા અભિવ્યક્તિનું માધ્યમ' માં નૈષધ મકવાણા રહેશે. સમાપન બેઠકમાં 'સમાપન વકતવ્ય પ્રૉ. જગદીશ સોલંકી આપશે.' જયારે સંપૂર્ણ બેઠકોનું સંચાલન ગૌતમ પરમાર અને આભાર દર્શન મનુભાઈ પ્રિયદર્શી કરશે.આ બે દિવસના દલિત સાહિત્યિક કાર્યક્રમને માણવા ડાયમંડ જ્યુબલી હોલ, ફેકલ્ટી ઓફ સોશિયલ વર્ક, મ.સ. યુનિ. ફતેગંજ, પોસ્ટ ઓફિસ ચાર રસ્તા, વડોદરા ખાતે પધારવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

સાંઇ મકરંદની પાવન સ્મૃતિ...

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

મકરંદભાઈની સ્મૃતિ ગુજરાત વિસરી શકે તેવી નથી. જ્યારે જ્યારે જીવનમાં અને સબંધોમાં સ્નેહનું સિંચન થશે ત્યારે ત્યારે સાંઇ મકરંદનું સતત સ્મરણ થયા કરશે.

નેહની નજરું મળિયું
આપણું ત્યાં ફળ્યું ફળિયું.

મહાત્મા ગાંધીએ કોશિયાને પણ સમજાય તેવી ભાષામાં લખવા સાહિત્યના સર્જકોને સૂચવ્યું હતું. મકરંદભાઇ તેમની ભાષાની આગવી સરળતા તથા ઓલિયાના મીજાજથી પ્રગટ્યા છે અને મહોરી ઊઠ્યા છે.

સાહિત્યના અનેક સ્વરૂપોમાં મકરંદભાઈનું પ્રદાન વિશિષ્ટ છે. આ બધામાં પણ ભજનવાણી કે સંતવાણીમાં સાંઇ વિશેષ ખીલી ઊઠ્યા હોય તેમ લાગ્યા કરે છે. હરજી ભાટીએ લખ્યું છે :

ભજન વિના મારી
ભૂખ ન ભાંગે
સમરણ વિના તલપ
ન જાય રે....

ભજન તરફના આ વિશેષ લગાવની એક ચોક્કસ પૂર્વભૂમિકા સાંઇના મનમાં ઘરબાઈને પડી છે. ભજન એ આમતો સંતો તથા ભક્તોના મુખેથી સહજ ભાવે પ્રગટેલી વાણી છે. સદીઓથી નિરંતર વહેતી આ વાણીનો પ્રવાહ ઝાંખો પાંખો થયો નથી. ભજન એ ભક્તોના તંબુરના ધીમા નાદ સાથે અંતરમાંથી સ્વયં ઉદ્‌ભવેલી વાણી છે. તેની સરળતા એજ તેની શક્તિ છે. આ દુર્ભેદ વાણી નથી. સામાન્ય માનવી પણ પોતાનો અંતરનો અવાજ તેમાં સાંભળે છે. તેથીજ તે આ વાણીના પ્રવાહમાં ભીંજાતો રહે છે. ''યોગના પાતાળકૂવા કે જ્ઞાનના માનસરોવર કરતા ઘર આંગણે તેમજ ખેતર વાડીએ ઊમટી આવતો આ ભક્તિનો શ્યામઘન મેહુલો જોઇ જનસામાન્ય નાચી ઊઠે છે. '' (મકરંદભાઇ) રામનામના આ વસાણાનો વેપાર નરસિંહ સહિતના અનેક સંતોએ – ભક્તોએ અંતરના ઉમળકાથી કર્યો છે. જગતના તમામ માનવીઓને માનવીઓને આકર્ષે તેવું આ મૂલ્યવાન વસાણું છે. નહસિંહ લખે છે :

અમે રે વહેવારીયા રામનામના
વેપારી આવે છે અહીં બધા ગામગામના
લાખ કરોડે લેખા નહિ
પાર વિનાની પુંજી
વહોરવું હોય તો વહોરી લેજો
કસ્તુરી છે સોંઘી... સંતો અમે રે...

સંત સાહિત્ય જેમજ લોકસાહિત્યના મહાસાગરમાં પણ સાંઇ મકરંદ વિહર્યા છે અને મહોરી ઊઠ્યા છે. લોકસાહિત્યમાંતેમને દુહાની દુનિયાનું આકર્ષણ રહેલું છે. દુહાને દસમો વેદ કહીને તેઓ લખે છે કે દુહાની દુનિયા સંસાર જેટલી વિશાળ છે. સાહિત્યની તમામ રસોમાં દુહો પ્રગટ થયો છે. દુહો એ વેદનાનો ચિત્કાર છે તો નવા જન્મની વધાઇ પણ છે. દુહામાં સ્થિતિ પલટ કરવાની શકિત છે. રાજકોટ રેડીયો સ્ટેશનના રેકોર્ડેડ લોકગીતની શરૂઆતમાં કે અંતમાં હેમુ ગઢવીના ઘૂંટાયેલા કંઠથી જે દુહો લલકારવામાં આવે છે તેનાથી પ્રસ્તુતિની એક અનેરી શોભા ઊભી થાય છે તે સૌને સુવિદિત છે. રાજસ્થાનના દિગ્ગજ દેશભક્ત કવિ ઠાકુર કેસરીસિંહજીએ ઉદેપુરના મહારાજા ફત્તેસિંહજીને ચેતવણીના દુહા (સોરઠા) લખીને લોર્ડ કર્ઝનના દિલ્હી દરબારમાં હાજર થતા રોક્યા હતા. દુહાની નાની પંક્તિ કે ગઝલના એક નાના શેરમાંમોટા વિષયવસ્તુને ધારદાર રીતે કહેવાની સચોટ શકિત હોય છે. આણંદ કરમાણંદના પ્રસિધ્ધ દુહાઓમાં એક લોકપ્રિય થયેલો દુહો છે :

આણંદ કહે કરમાણંદા
કયો ભલેરો દેશ ?
સંપત હોય તો ઘર ભલો
નહિતર ભલો પરદેશ.

કવિ દલપતરામના એક દુહામાં સંગ્રામમાં દાખલ થતા પહેલા રાખવાની સાવચેતીની વાત કરી છે.

સજવો નહિ સંગ્રામ,
સજવો તો સજવા પછી
દિલમાં દલપતરામ
ડરવાથી મરવું ભલું.

છેલ્લા સો એક વર્ષના સાહિત્ય સર્જનમાં પત્રવ્યવહારના કેટલાક જવલંત તથા સદાકાળ માર્ગદર્શક બની શકે તેવા ઉદાહરણો છે. પંડિત નહેરુજીના પુત્રી ઈન્દીરાજી પરના પત્રો કે ગાંધીજી તથા સર પટ્ટણી વચ્ચેનો પત્રવ્યવહાર એ આવાજ ઉજળા દાખલા છે. સ્વામી અને સાંઇ – સ્વામી આનંદ તથા મકરંદ દવે વચ્ચેના પત્રો પણ આવોજ એક ઉમદા તેમજ દીર્ઘકાળ સુધી પ્રસ્તુત રહી શકે તેવો જાણીતો ઉપક્રમ છે. વિદુષીબહેન હિમાંશી શેલતે તેનું સુપેરે સંકલન કરેલું છે. પોતાના કાળની ગતિવિધિઓ સાથે થોડું અંતર રાખીને બન્ને મહાનુભાવો હર્યું ભર્યું જીવન જીવી ગયા પરંતુ તેમ છતાં બન્ને આસપાસની સ્થિતિ પરત્વે ઉદાસીન નથી. દિગ્ગજ રાજકીય નેતાઓમાં પણ દ્રઢતાથી પ્રજાકલ્યાણની ભાવનાની વાત કરવાની શક્તિ નથી તેવી બાપુના સાથી સ્વામી આનંદની વાત કેટલી યથાર્થ છે ?

સ્વામી તથા સાંઇ વચ્ચેના પત્રવ્યવહારમાં બન્નેની વાણી કેવી ધીંગી છે તેનો સહજ પરિચય થાય છે. આ વાણી પાંડિત્યના બોજથી વાંકી વળી ગયેલી નથી. સૌરાષ્ટ્રની આ ધીંગી વાણી છે. સ્વામી તથા મકરંદભાઈના ધારદાર શબ્દો તળમાંથી પ્રગટ થતાં હોય તેવા છે. સરદાર સાહેબે આવી ધારદાર ભાષાના સમુચિત પ્રયોગથીજ બારડોલીના ગામડાઓને બ્રિટીશ હકૂમત સામે ઊભા કરી દીધા હતા. આવા પ્રાણવાન શબ્દોમાં મકરંદભાઈએ ટાંકેલા એક ભજનના કેટલાક શબ્દો ફરી ફરી સાંભળવા – માણવા ગમે તેવા છે. વિચારપ્રેરક વાત તેમાં વણી લીધી છે.

અંગારા ઓલાણા અવધૂત ઊઠીયા
પડી રહી પછવાડે રફરફતી રાખ,
એવી રે ધૂણીમાં જીવતર જોગવ્યે
પલટે પ્રાણ શેણે મથી મરે લાખ !
અનોખા ચેતાવો આતમ ઈંધણાં.

ઉપરના ભજનના ભાવ તેમજ તેનો સંદેશ કોઈપણ કાળે પ્રસ્તુત છે. આથી આવા ભજનના સંદર્ભમાં સાંઇ મકરંદને રંગ દેતાં સ્વામી આનંદ લખે છે : ''તમારું ભજન આવે ત્યારે એકાદ દિવસ એનો નશો રહેતો હોય છે.''

બંગાળના કોઈ બાઉલના ભાથામાંથી ટપકી પડેલા તીર જેવા મકરંદભાઇના શબ્દો છે. તેઓ ચીતરેલા ચીલે ચાલ્યા નથી. પોતાના કેડાનું નિર્માણ એમણે સ્વસાધનાના બળે કરેલું છે :

આમાર પાખીર જાત
આમાર હેટે ચલાંર
ભાઓ જાનિ ના,
આમાદેર ઉડે ચલાર ધાત.

''અમે તો પંખીની જાતના કહેવાઈએ
અમારા કંઈ પગપાળા રસ્તા નથી
અમે તો ઊડી નીકળીએ.

કવિ શ્રી મકરંદભાઈ જાન્યુઆરી–(૩૧-૦૧-૨૦૦૫)માં મહાપ્રયાણ કરી ગયા. પરંતુ તેમના સર્જનો થકી તેઓ જીવતા જાગતા છે. જાન્યુઆરીમાં અનેક ભજનાનંદીઓને મકરંદ સ્મૃતિ સવિશેષ થતી હશે.

ગાંધીને મન સત્ય મળે એ જ ખોરાક



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

વ્યક્તિ પોતાની મેળે સત્ય ઉચ્ચારે એ પ્રયાસ રહેતો

મહાત્માને મન સત્ય એ જ ખોરાક અને પોષણ હતું. અને એમાં પણ પોતાની સાથે જોડાયેલા આશ્રમવાસીઓ તો સત્યપાલન કરે તે તેમના જીવન સાથે જોડાયેલું હતું. આશ્રમવાસીઓમાં તેમનાં ખુદના સંતાનો પણ સમાવિષ્ઠ હતા એટલે આ વાત તેમને પણ લાગુ પડતી હતી. જયારે સત્ય વાત ગાંધી સુધી પહોંચવામાં ચૂક થતી ત્યારે ગાંધી શું કરતા હતા એનો પ્રસંગ જોવા જેવો છે. આ વાત દક્ષિણ આફ્રિકાના ફિનિક્સ આશ્રમની છે.

ફિનિક્સ આશ્રમમાં નાનાંમોટા સૌ આહારવિહાર અંગે સંયમથી રહેતાં. ભોજનમાં મસાલા ન હોય. કેટલાક તો મીઠું છોડીને અલૂણા વ્રત પાળે.

એક વખત એક વિદ્યાર્થીને સ્ટેશનને રસ્તે એક શિલિંગ મળી આવ્યો. એવામાં ઉજાણીએ ગયેલાં ત્યાં એક જણને ત્રણ પેનીનો સિક્કો મળ્યો. કેટલેક દિવસે ગાંધીજીને જોહાનીસબર્ગ જવાનું થયું, ત્યારે વર્ગશિક્ષિકાએ પેલા એક શિલિંગનાં ભજિયાં અને ત્રણ પેનીનાં ચિત્રો મંગાવ્યાં અને બધામાં વહેંચ્યાં.

ગાંધીજી આવ્યા એટલે વાત એમના કાન સુધી પહોંચી. પેલાં બહેન સાથે એમણે વાત કરી. પછી એક વિદ્યાર્થી સાથે વાત કરતા તેઓ ઘર અને છાપખાના વચ્ચે આંટા મારવા લાગ્યા. બીજા છોકરાઓ સાથે પણ એ રીતે વાત કરી. છેલ્લે પોતાના સૌથી નાના પુત્ર દેવદાસને વાત કરવા સાથે લઈ ગયા.

આશ્રમવાસીઓ ચિંતાભર્યા આમતેમ રાહ જોતા ઊભા હતા. ત્યાં વાત આવી કે બાપુએ તમાચા માર્યા. પહેલાં તો લાગ્યું કે દેવદાસને માર્યા હશે. પછી સ્પષ્ટ થયું કે ના, એમને પોતાને જ પાંચ તમાચા માર્યા છે.

બપોરે એમને ખાધું. પણ સાંજે ખાધું નહીં. પાણી પણ છોડ્યું.

સાંજની પ્રાર્થના પછી અત્યંત વેદનાપૂર્વક એ ધીમે ધીમે બોલવા માંડ્યા :

પાણી પણ કડવુંઝેર જેવું થઈ પડ્યું છે. દીકરા થઈને બાપને આટઆટલું છેતરી શકાય છે એ જાણી મારું અંતર કપાઈ જાય છે. મારાથી ન જ રહેવાયું ત્યારે મેં પોતાને પાંચ તમાચા લગાવી દીધા છે. કોઈને હું મારું તે કરતાં મને પોતાને જ મારું એ સારું. એ વિના મને આવી જાતનું વર્તન કેવું કઠે છે એ નહીં સમજાય.

પછી બાપુએ દેવદાસે ભૂલ કબૂલીને ફરી એવું ન કરવાનું આશ્વાસન આપ્યાની વાત કરી અને કહ્યું કે હજી છોકરાઓએ સત્ય છૂપાવ્યું છે. બધાં જુદું જુદું કહે છે. સાચું બોલવા કોઈ તૈયાર નથી. જુઠાણું રહે તો પોતાના જીવનમાં ધૂળ પડી. પછી પોતાનો નિર્ણય સંભળાવ્યો કે છોકરાઓ પોતાની મેળે સત્ય ન કહે ત્યાં સુધી પોતે પોતાના મોંમાં નથી અન્નનો દાણો મૂકવાના કે નથી પાણીનું ટીપું મૂકવાના. સત્યને શોધવા મોત આવે એથી રૂડું શું ! અને એમણે સૌને કહ્યું કે એ રીતે મોત આવે તો સૌએ એ દિવસે ઊજવવો.

બીજે દિવસે બાપુને બહારગામ જવાનું હતું. ભૂખ્યાતરસ્યા સ્ટેશને ચાલતા ગયા. બધાં સાથે ગયાં, મૂંગાં મૂંગાં, ચિંતાતુર પેલાં શિક્ષિકાએ સ્ટેશન આગળ બધું કબૂલ કર્યું.

ટ્રેન આવી. બધાંએ બાપુજીને વીનવ્યા : હવે ત્યાં પહોંચીને રુસ્તમજી શેઠને ત્યાં જમીને જ આગળ જજો.